પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૩ | ૬ માર્ચ, ૨૦૨૧, શનિવાર; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશના ૩૪ જિલ્લામાં બમણું સંક્રમણ

**૧૦ દિવસમાં બમણી સ્પીડથી ફેલાયું સંક્રમણ : ભારતમાં ૨૪ કલાકમાં ૧૬,૮૩૮ નવા કેસ નોંધાયા, ૧૧૩ દર્દીઓએ ગુમાવ્યો જીવ : ૧.૭૭ કરોડથી વધારે લોકોને વેક્સિન આપવામાં આવી, અત્યારસુધીમાં ૧.૧ કરોડ સંક્રમિત : કોરોનાના કેસને ધ્યાનમાં રાખીને મધ્યપ્રદેશમાં મે સુધી પહેલા ધોરણથી પાંચમા ધોરણના ક્લાસ બંધ રાખવા નિર્ણય**



ન્યુ દિલ્હી,તા.૫

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ જાણે ફરીથી માથું ઊચકી રહ્યું હોય એવું લાગી રહ્યું છે. આંકડાઓ પર નજર કરીએ તો દેશમાં લગભગ ૧૮૦થી વધુ જિલ્લાઓમાં કોરોના દર્દીઓની સંખ્યા મળવાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જોકે તેમાં ૩૪ જિલ્લા એવા છે જેમાં સંક્રમણ ફેલાવાની ૧૦ દિવસમાં ઝડપ ડબલ થઈ ગઈ છે. તેમાં સૌથી વધુ મહારાષ્ટ્રના ૬ જિલ્લા, પંજાબના ૫ જિલ્લા, કેરળ અને ગુજરાતના ૪-૪ જિલ્લા તથા મધ્ય પ્રદેશના ૩ જિલ્લા સામેલ છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૮૦,૦૫,૫૦૩ લોકોને કોવિડ વેક્સીન આપવામાં આવી ચૂકી છે. બીજી તરફ, શુક્રવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૧૬,૮૩૮ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧૧૩ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૧,૧૧,૭૩,૭૬૧થઈ ગઈ છે. કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૧ કરોડ ૮ લાખ ૩૯ હજાર ૮૯૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૧૩,૮૧૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ખેડૂત આંદોલનની મહિલાઓને ટાઈમના કવર પેજ ઉપર સ્થાન

**વિશ્વના પ્રતિષ્ઠિત મેગેઝીને દિલ્હીની ટિકરી બોર્ડર પર ૨૦ મહિલાઓના સમૂહની તસવીર છાપી છે, જે ખેડૂત આંદોલનમાં સામેલ થવા આવી હતી**




નવી દિલ્હી, તા.૫

અમેરિકાના પ્રતિષ્ઠિત ટાઈમ મેગેઝીને તેના નવા અંકના કવર પેજ પર ખેડૂત આંદોલનમાં જોડાયેલી મહિલાઓને સ્થાન આપ્યું છે. કવર પેજ પર આંદોલનકારી મહિલાઓની તસવીર સાથે લખ્યું છે કે, ભારતના ખેડૂતો વિરોધના મોરચે. કેન્દ્રના ત્રણ નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતો લગભગ ચાર મહિનાથી દિલ્હીની બોર્ડર્સ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે.

મેગેઝીને દિલ્હીની ટિકરી બોર્ડર પર ૨૦ મહિલાઓના એક સમૂહની તસવીર છાપી છે, જે ખેડૂત આંદોલનમાં સામેલ થવા આવી હતી. ટાઈમ મેગેઝીને જણાવ્યું કે કેવી રીતે મહિલાઓ પણ વિરોધના મોરચે અડગ છે. આર્ટિકલનું ટાઈટલ છે કે, અમને ધમકાવી શકાય નહીં, અમને

● અનુસંધાન પાન-૭ પર

## ભારત વેક્સિન પૂરી પાડીને વિશ્વની સેવા કરે છે : મોદી

**બજેટ અંગેના વેબિનારમાં વડાપ્રધાનનું સંબોધન : દુનિયામાં ભારત પોતે જ એક આગવી બ્રાન્ડ તરીકે ઉભરી ચુક્યું છે**





નવી દિલ્હી, તા.૫

બજેટ અંગેના વેબિનારને સંબોધિત કરતા પીએમ મોદીએ આજે કહ્યુ હતુ કે, ભારત જે રીતે કોરોના વેક્સીન પૂરી પાડીને સમગ્ર દુનિયાની વિનમ્ર બનીને સેવા કરી રહ્યુ છે તેનાથી દુનિયામાં ભારત પોતે જ એક આગવી બ્રાન્ડ તરીકે ઉભરી ચુક્યુ છે. ભારતની સાખ અને ઓળખ નવી ઉંચાઈઓને સ્પર્શી રહી છે. તેમણે કહ્યુ હતુ કે, મારી સરકાર માને છે કે દરેક વસ્તુમાં સરકારની દખલના કારણે

● અનુસંધાન પાન-૭ પર

## ન્યૂઝીલેન્ડમાં ભૂકંપના જોરદાર આંચકા : સુનામીની ચેતવણી

**ઉત્તર-પૂર્વ ટાપુ પર ધરા ધ્રૂજતાં ફફડાટ : કાંઠા વિસ્તારોમાંથી હજારો લોકે સુરક્ષિત સ્થળે ખસેડવાની કવાયત હાથ ધરવામાં આવી, જાનમાલને નુકશાન નહીં**

વિલિંગ્ટન, તા.૫

ન્યૂઝીલેન્ડના ઉત્તર-પૂર્વ ટાપુ પર ગુરુવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ભૂકંપ બાદ પ્રશાંત મહાસાગરમાં સુનામીનું જોખમ ઉભું થયું છે. ન્યૂઝીલેન્ડ, ન્યૂ કૈલેડોનિયા અને વાનુઅતુના કાંઠા વિસ્તારોમાંથી હજારો લોકે સુરક્ષિત સ્થળે ખસેડવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જો કે ભૂકંપના આંચકાથી જાનમાલને કોઈ મોટી નુકસાનીના અહેવાલ પ્રાપ્ત થયા નથી. ભૂકંપ પછી નૂમીમાં ચેતવણીરૂપે સાયરસ વગાડીને લોકોને એલર્ટ કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ રહેણાક વિસ્તારમાંથી લોકોને બહાર કાઢી સલામત ઊંચાઈવાળા સ્થળે ખસી જવા આદેશ આપ્યા હતા. અધિકારીઓના મતે ત્રણ મીટર (૧૦ફૂટ) ઊંચા મોજા ફ્રાન્સ તરફ આગળ વધતી જોવા મળી હતી.

ઈમર્જન્સી સેવાના પ્રવક્તા એલેક્ઝેન્ડર રોસિગ્નોલે જાહેર રેડિયો દ્વારા જણાવ્યું કે, તમામ લોકો દરિયાકાંઠા નજીકનો વિસ્તાર તાત્કાલિક ખાલી કરી દે અને દરિયામાં થતી કામગીરીને અટકાવી દે તેમજ બાળકોને શાળાએ ના મોકલવામાં આવે.

ન્યૂઝીલેન્ડના ઉત્તર ટાપુ તરફના વિસ્તારમાં ૮.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અગાઉ આ જ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેની તીવ્રતા રીક્ટર સ્કેલ પર ૭.૪ અને ૭.૩ હોવાનું જણાયું હતું. ત્યારબાદ સુનામીની ચેતવણીનું સાયરન વગાડવામાં આવ્યું હતું. ન્યૂઝીલેન્ડના રાષ્ટ્રીય ઈમર્જન્સી મેનેજમેન્ટ એજન્સીએ લોકોને તાત્કાલિક પોતાના ઘરમાંથી નિકળી ઊંચાઈવાળા સ્થળે ખસી જવા જણાવ્યું હતું.

અમેરિકન સીસ્મોલોજી સર્વેના મતે ન્યૂઝીલેન્ડના કાંઠાવિસ્તરથી એક હજાર કિ.મી. અંતરે સવારે ૮.૨૮ (સ્થાનિક સમયે) વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પ્રાથમિક અંદાજ મુજબ ભૂકંપની તીવ્રતા ૬.૯ રહી હતી અને કેન્દ્રબિંદુ જિસ્બોર્ન શહેરથી લગભગ ૧૭૮ કિ.મી. અંતરે જમીનથી ૧૦ કિ.મી. ઊંડાઈએ હતું.

## ચોથી ટેસ્ટમાં પંતની સદી ભારતની મજબૂત પકડ

**ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી-છેલ્લી ટેસ્ટનો બીજો દિવસ : ભારતના પ્રથમ ઈનિંગ્સમાં સાત વિકેટે ૨૯૪ રન, ૮૯ રનનની મજબૂત સરસાઈ, સુંદરની પણ અડધી સદી**

અમદાવાદ, તા.૫

વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતની ધમાકેદાર સદી તથા વોશિંગ્ટન સુંદર સાથે નોંધાવેલી સદીની ભાગીદારીની મદદથી ભારતે અમદાવાદમાં



રમાઈ રહેલી ચોથી અને અંતિમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ દબદબો મેળવી લીધો છે. પ્રથમ દાવમાં ૨૦૫ રનમાં આઉટ થઈ ગયા બાદ ઈંગ્લેન્ડ બેકફૂટ પર આવી ગયું હતું પરંતુ બોલર્સે બીજા દિવસની શરૂઆતમાં શાનદાર પ્રદર્શન કરીને વિરાટ કોહલીની ટીમને દબાણમાં મૂકી દીધી હતી.

ભારતે ૮૦ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધા બાદ ૧૪૬ રન સુધીમાં ૬ વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ પંત અને વોશિંગ્ટન સુંદરની જોડીએ ભારતને સરસાઈ અપાવવાની સાથે મજબૂત સ્થિતિમાં મૂકી દીધી છે. શુક્રવારે બીજા દિવસની રમતના અંતે ભારતે ૭ વિકેટે ૨૯૪ રન નોંધાવી લીધા છે. દિવસના અંતે વોશિંગ્ટન સુંદર ૬૦ અને અક્ષર પટેલ ૧૧ રને રમતમાં હતા. રિશભ પંતે ૧૦૧ રનની ઈનિંગ્સ રમી હતી.

અગાઉ ભારતે મેચના બીજા દિવસે એક વિકેટે ૨૪ રનથી પોતાનો પ્રથમ દાવ આગળ ધપાવ્યો હતો. જોકે, પ્રથમ સત્રમાં જ ભારતને ઉપરા ઉપરી બે મોટા ઝટકા લાગ્યા હતા. બીજા દિવસે ભારતે સૌથી પહેલી વિકેટ ચેતેશ્વર પૂજારાના રૂપમાં ગુમાવી હતી. પૂજારા ૧૭ રન નોંધાવીને જેક લીચના બોલ પર એલબીડબલ્યુ આઉટ થયો હતો.

ભારત આ ઝટકામાંથી બહાર આવે તે પહેલા જ તેને બીજો મોટો ઝટકો લાગ્યો હતો. કેપ્ટન વિરાટ કોહલી બેન સ્ટોક્સનો શિકાર બન્યો હતો. કોહલી ખાતી પણ ખોલાવી શક્યો ન હતો.

જોકે, ઓપનર રોહિત શર્માએ એક છેડો જાળવી રાખ્યો હતો અને ઉપસુકાની અજિંક્ય રહાણે સાથે મળીને ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અજિંક્ય રહાણે તેને વધારે સાથ આપી શક્યો ન હતો. રહાણે ૨૭ રન પર રમી રહ્યો હતો ત્યારે જેમ્સ એન્ડરસને તેને સ્ટોક્સના હાથે કેચ આઉટ કરાવ્યો હતો.

## પ. બંગાળ ચૂંટણી માટે તૃણમુલે ૨૯૧ ઉમેદવારો જાહેર કર્યા

**મમતા બેનરજી નંદીગ્રામની બેઠક ઉપરથી ચૂંટણી લડશે : ૪૨ બેઠકો પર મુસ્લિમ અને ૫૧ બેઠકો ઉપર મહિલાઓને ટિકિટ આપવામાં આવી**




નવી દિલ્હી, તા.૫

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે આજે મમતા બેનરજીની પાર્ટી તૃણમુલ કોંગ્રેસે પોતાના તમામ ૨૯૧ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે.

મમતા બેનરજીની પાર્ટીએ બાકીની ત્રણ બેઠકો પોતાની સહયોગી પાર્ટીને આપી છે. આજે પશ્ચિમ બંગાળના સીએમ અને ટીએમસીના નેતા મમતા બેનરજીએ આ જાણકારી આપી હતી. ધ્યાન ખેંચનારી વાત એ છે કે, મમતા બેનરજીએ આ વખતે પોતાની ભવાનીપુર બેઠક છોડીને નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. આમ મમતા બેનરજીએ નવી બેઠક પરથી લડવાનુ પસંદ કર્યુ છે. ટીએમસી દ્વારા ૪૨ બેઠકો પર મુસ્લિમ અને ૫૧ બેઠકો પર મહિલાઓને ટિકિટ આપવામાં આવી છે.

આજે ટિકિટોની જાહેરાત કરતા પહેલા ટીએમસી દ્વારા ગઈકાલે રાતે એક બેઠક બોલાવવામાં આવી હતી

## અંબાણીના ઘરની બહાર મળેલી સ્કોર્પિયોના ગુજરાતી માલિકનો મૃતદેહ મળતા ચકચાર



મુંબઈ,તા.૫

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના ઘરે એન્ટાલિયાની બહાર શંકાસ્પદ કાર મળ્યાના કેસમાં એક નવો વળાંક આવી ગયો છે. અધિકારીઓને શુક્રવારે કલાવા ક્રીકથી એક મૃતદેહ મળ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ તે સ્કોર્પિયો માલિકનો મૃતદેહ છે. જે એન્ટાલિયાની બહાર શંકાસ્પદ રીતે મળી હતી. અધિકારીઓએ જણાવ્યું ચે કે, આ મૃતદેહ મનસુખ હીરેનનું છે અને શંકા છે કે, તેમણે સુસાઈડ કર્યું છે. જોકે હજી આ વિશે કોઈ અધિકારીએ કોઈ નિવેદન જાહેર કર્યું નથી.

Vશાલ
SUPER MARKETની આજ
ઓલ કોલ્ડ્રીંક
10% OFF
સેક્ટર-૬/કુડાસણ

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર-૨૨, ગાંધીનગર
9909555191

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધઃ વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

હવે કોઈ વિષય અઘરો નહીં લાગે..!
પદ્ધતિસરના ટ્યુશનથી હવે બધા જ વિષયો સહેલા લાગશે...
25 YEARS OF EXPERIENCE
JB EDUCATION ACADEMY
Std 11-12 (Eng. & Guj. Medium) | Accounts I Statastics I Eco. Comm., Guj. Board & CBSE
Revision Batch & Regular Batch Starts From 18 March 2021
For inquiry & Registration
Call, SMS & WhatsApp on 98565 97565
જે.બી. એજ્યુકેશન એકેડેમી
304, પ્રમુખ સાયપ્રસ, હોટલ ગ્રીન્સની બાજુમાં, કુડાસણ, ગાંધીનગર